# “સાહિત્યક્ષેત્રે રામાયણનો પ્રભાવ”

Dr.Ramesh H.Chaudhari (Sanskrit)

Shree U.H.Chaudhari Arts College, Vadgam

**લૌકિક સંસ્કૃતમાં કાવ્યરચનાનો ઈતિહાસ ઘણો પ્રાચીન છે ઋગ્વૈદિક વર્ણનોમાં કાવ્યની ઝલક સ્પષ્ટપણે જોવા મળે છે. પરંતુ વાસ્તવિકરૂપે કાવ્યરચનાનો પૂર્ણ વિકાસ વૈદિક યુગમાં જોવા મળતો નથી. સૌ પ્રથમ કાવ્યતત્વનું દર્શન વેદોત્તર સાહિત્યમાં, પુરાણોમાં અને વર્ણિત આખ્યાનોમાં પ્રાપ્ત થાય છે. પુરાણોમાં કાવ્યતત્વ છે. પરંતુ આર્ષપ્રયોગો તથા કાવ્યતત્વની નિયમબધ્ધતા ન હોવાને લીધે પુરાણોને કાવ્ય કહેવું ઉચિત લાગતું નથી. વસ્તુતઃ કાવ્યતત્વનો શુભારંભ, પુરાણો પછી વાલ્મીકિ રચિત રામાયણમાં આપણને જોવા મળે છે. તેથી સંસ્કૃત સાહિત્યમાં વાલ્મીકિને આદિકવિ તથા મહર્ષિ વાલ્મીકિકૃત રામાયણને આદિકાવ્ય કહેવામાં આવે છે.**

**રામાયણની કથા રમ્ય છે. તે કોને ન આકર્ષે ? એમ કહી ત્રિવિક્રમ ભટ્ટ નલચંપૂ માં રામાયણની પ્રસિદ્ધિ દર્શાવે છે.**

सदूषणापि निर्दोषा, सखरापि सुक़ोमला ।

नमस्तस्मै कृता येन रम्या रामायणी क़था ।। (नलचंपूः १-११)

**વાલ્મીકિ રામાયણ સંસ્કૃત કવિઓ માટે પ્રેરણાસ્ત્રોત રહ્યુ છે અને વાલ્મીકિ તેમના પથદર્શક રહ્યા છે. સંસ્કૃત સાહિત્ય ઉપર રામાયણનો અનેરો પ્રભાવ છે. સૃષ્ટિમાં ઈશ્વરના સર્વવ્યાપીપણાની જેમ રામાયણનો પ્રભાવ સાહિત્ય ઉપર છે. તેમાં કોઈ શંકા નથી. તેથી જ તો ભોજે રામાયણચમ્પૂમાં વાલ્મીકિને માર્ગદર્શક કહ્યા છે.** मधुमयभणितीनां मार्गदर्शी महर्षिः ।

**પરવર્તી કવિઓ, નાટ્યકારો, ગદ્યકારો કે કથાકારો નો આદર્શ ગ્રન્થ તે રામાયણ. પોતાની અદ્વિતીય વિશેષતાઓને કારણે જ વિશ્વસાહિત્યમાં સર્વાધિક લોકપ્રિય ગ્રંથ બની શક્યો છે. કેવળ ભારતીયોએ જ નહીં પરંતુ બૌદ્ધો, જૈનોએ પણ રામાયણનો આશ્રય લીધો છે. સંસ્કૃતના કાલિદાસ અને ભવભૂતિ વગેરે જ નહિ પરંતુ હિન્દી સાહિત્યના કેશવરામ અને તુલસીદાસ પણ રામાયણથી ઉપકૃત થયા છે. સંસ્કૃત સાહિત્યમાં પણ આવાં ઉપજીવ્યકાવ્યો ઉપલબ્ધ છે. જેનાથી સંસ્કૃત ભાષા તથા અર્વાચીન પ્રાંતીય ભાષાઓના કવિઓએ પોતાના વિષય નિર્દેશ માટે તથા કાવ્યશૈલીના વિમલવિધાનને કારણે સતત ઉત્સાહ તથા અશ્રાન્ત સ્ફૂર્તિ પ્રાપ્ત કરી છે. આવાં ઉપજીવ્ય ગ્રંથોમાં રામાયણ, મહાભારત અને શ્રીમદભાગવતનો સમાવેશ થાય છે.**

આદિકવિની વાણી પુણ્યસલિલા ભાગીરથી છે. જેનું અવગાહન કરીને વાચક તથા કવિ પોતાની જાતને પવિત્ર જ નહિં પરંતુ રસમયી કાવ્યશૈલીનું હૃદયંગમ સ્વરૂપ સમજવામાં પણ કૃતકૃત્ય બને છે. કાવ્ય તથા નાટકોનો વિષય નિર્દેશ આપવામાં રામાયણ એ અક્ષુણ્ણસ્ત્રોત છે.

આ ગ્રંથમાંથી ભારતના પ્રાચીન – અર્વાચીન કવિ અને સાહિત્યકારોને પોતાની સર્જન પ્રતિભા વ્યક્ત કરવા માટેનું સર્વોત્તમ સાધન સાંપડ્યું છે. આપણાં પ્રચલિત લોકગીતો, પ્રવાસી ચારણો વડે ગવાતાં આખ્યાનો, ભારતની વિવિધ ભાષાઓના અનેક જાણીતા સાહિત્યગ્રંથો , છેક આ જમાનાનાં ચલચિત્રો પણ ઘણીવાર રામાયણમાંથી વસ્તુ અને પ્રેરણા મેળવે છે. ભારતના વૈયક્તિક કે સામાજિક જનજીવનનો એક પણ વિભાગ એવો નથી, જે આ મહાન વીરકાવ્યથી પ્રભાવિત ન હોય.

કોઈપણ સાહિત્યકૃતિમાં તે કવિની પ્રતિભા સાથે કોઈપણ પ્રદેશની છાપ તેમાં જોવા મળે છે. પરંતુ આ ગ્રંથ તો જાણે ભાગીરથી ગંગા અને હિમાલયની માફક સમસ્ત ભારતનો લોકપ્રિય ગ્રંથ બન્યો છે. તેથી આજે સદીઓ વહી ગઈ હોવા છતાં રામાયણનો સ્ત્રોત ભારત વર્ષમાં લેશમાત્ર પણ ક્ષીણ થયો નથી. આ મહાકાવ્ય લુપ્ત થવાને બદલે શક્તિ અને શાંતિની અચરજ ધારા વહેવડાવી શત શત પ્રાચીન શતાબ્દીનો કાંપ સતત વહી લાવી ભારતવર્ષની ચિત્તભૂમિને આજે પણ ફળદ્રુપ કરે છે. આ ભારતવર્ષનો ચિરકાળ ઈતિહાસ અન્ય ઈતિહાસોની જેમ કાળે કાળે બદલાયો નથી.

આજના સંસ્કૃત સાહિત્યનું પરિશીલન કરતાં સ્પષ્ટ જણાય છે કે આ ગ્રંથનો આધાર લઈને અનેક કૃતિઓ રચાઈ છે. સંસ્કૃત સાહિત્ય વિશેષરૂપે રામચરિત્રથી ઓતપ્રોત છે. मा निषाद.... એ શ્લોકની સાથે કરૂણાભિભૂત મહર્ષિ વાલ્મીકિએ સાહિત્યમાં કરુણરસનો પ્રસાર કર્યો એમ કહેવાય છે. એટલું જ નહિ પણ ત્રિવિધતાપ હારિણીભક્તિ – રામભક્તિ નો પ્રસાર કરીને પરવર્તી કવિઓને પ્રેરણા આપી. વાલ્મીકિ, કાલિદાસ, ભવભૂતિ ઉપરાંત રાજશેખર, મુરારિ, ભાસ, મલ્લિનાથ, ચિદંબર, ધનંજય, ભટ્ટિસ્વામી, હરદત્તસૂરિ, દૈવજ્ઞસૂર્ય , ભટ્ટભીમ વગેરે કવિઓએ રામચર્ચા દ્વારા પોતાનાં જીવન અને કલમ કૃતાર્થ કર્યાં છે. રામાયણની આવી રમણીય કથા કોને ન આકર્ષે ?

મહાન આલંકારિક આનંદવર્ધનના મતે રામાયણ કરૂણરસ પ્રધાન મહાકાવ્ય છે. જેનો આરંભ અને સમાપન કરૂણરસથી જ થાય છે. સીતાનું પૃથ્વી ગમન એ કરૂણરસની ચરમ પરિણતી છે. મહાકવિ ભવભૂતિએ ઉતતરરામચરિત ની રચના દ્વારા પોતાની કલ્પનાથી નવા નવા પ્રસંગોનું આયોજન કરીને પણ 'एको रसः करुण एव' સિધ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે. ધીરનાગનું 'કુન્દમાલા' નાટક ઉત્તર રામચરિતનું અનુકરણ જ છે.

રામાયણ આધારે અનેક રચનાઓ રચાઈ છે. તેનું માત્ર ટુંકું અવલોકન કરતાં જણાય છે કે આ મહાકાવ્ય જનસમાજના હૃદયમાં કેટલું બિરાજમાન હતું. તેનો આપણે સહેજે અંદાજ લગાવી શકીએ

છીએ. આ મહાકાવ્યમાં તેનાં પાત્રોમાં ભારતીય જીવનના જે જે આદર્શો હતા, સામાજિક અને સાંસ્કૃતિક દ્રષ્ટિએ જે જે પરિસ્થિતિ તે કાળે વર્તતી હતી. તે બધાંનો સચોટ અને પ્રભાવોત્પાદક પરિચય સંસ્કૃત સાહિત્યની પૃષ્ઠભૂમિ તરીકે રામાયણને રાખીને પરવર્તી વિદ્વાન લેખકોને તેમની પ્રશિષ્ટ કૃતિઓ દ્વારા આપણને કરાવ્યો છે.

રામાયણનો પ્રભાવ માત્ર હિન્દુ જ નહિં પણ બૌધ્ધ અને જૈનધર્મના આચાર્યો ઉપર પણ પડ્યો છે. બૌધ્ધ અને જૈનકવિઓએ આ મહાકાવ્યના કેટલાક પ્રસંગોને કે પાત્રોનાં ચરિત્રોને પોતાના ધાર્મિક શિક્ષણને અનુરૂપ ફેરફારો કરી નામાભિધાનમાં જરૂરી પરિવર્તનો કરી પોતાની રચનાઓમાં મૂક્યાં છે. વળી ધાર્મિક તથા નૈતિક પ્રસંગો તથા યોગ્ય સુભાષિતો, છંદો અને અલંકારીની દ્રષ્ટિએ આ કાવ્ય પરવર્તી કવિઓને માટે પ્રેરણાસ્રોત બન્યાનું જોઈ શકાય છે.

પંદરમી શતાબ્દી પછી સંસ્કૃત સાહિત્યનો હ્રાસ વિશેષરૂપે થયો. તેની સાથે રામાયણ સાહિત્યની પરંપરા શિથિલ થવા માંડી અને 'अत्र लुप्ता सरस्वती' જેવું સંસ્કૃત સાહિત્યમાં પણ વરતાવવા માંડ્યું. તો પણ રામાયણની પરંપરા, તે ઉપરથી ઉદ્‌ભવતા સાહિત્યની પરંપરા પ્રાદેશિક ભાષાઓના રૂપમાં દેખાવા માંડી. તુલસીદાસજીના 'રામચરીત માનસ' ની રચનાથી રામભક્તિધારાનું નવું સ્વરૂપ દેખાવા માંડ્યું.

રામકથા ઉપર આધારિત આ ઉપરાંત અન્ય ઘણાં નાટકોના ઉલ્લેખો પ્રાપ્ત થયા છે. પરંતુ તે નાટકો ઉપલબ્ધ નથી તેમાં 'રામાભ્યુદય' (યશોવર્માકૃત), 'ઉત્તરરાઘવ' (માયુરાજકૃત) , 'છલિતરામાયણ', 'કૃત્યારાવણા', 'માયાપુષ્પક', 'સ્વપ્રદશાનન', અભિનવ રાઘવ (રામચન્દ્રકૃત), રઘુવિલાસ તથા રાઘવાભ્યુદય વગેરેને ગણાવી શકાય.

ગદ્ય સાહિત્યમાં કથા કે આખ્યાયિકાના પ્રકારોમાં રામકથાનાં રૂપાંતરો જોવા મળતાં નથી. કાલિદાસના મેઘદૂતના અનુકરણરૂપે રામનો સીતાને સંદેશ મોકલતા હંસદૂત, ભ્રમરદૂત, ભ્રમરસંદેશ, કપિદૂત (હનુમાન) કોકિલ સંદેશ, ચન્દ્રદૂત વગેરે કાવ્યો પણ રચાયાં છે. જયદેવ પ્રસિધ્ધ ગીતગોવિંદના અનુકરણરૂપે રામગીતગોવિંદ, ગીતારાઘવ, સંગીતરઘુનંદન વગેરે પણ મળે છે. આ ઉપરાંત પણ વિશ્વનાથનું રાઘવવિલાસ, સોમેશ્વરનું રામશતક, મુદગલભટ્ટનું રામાર્યાશતક, કૃષ્ણેન્દ્રનું આર્ય રામાયણ કાવ્યો એનીસ લોકપ્રિયતાનો નિર્દેશ તો કરે જ છે.

રામાયણે તો ભારત બહારના દેશોમાં પણ ખૂબ જ લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે. ભારતની તેમજ બહારની અનેક ભાષાઓમાં રામાયણનાં રૂપાંતરો થયાં છે. તમિળમાં 'કંબન રામાયણ' પ્રસિધ્ધ છે. તેલુગુમાં 'દ્વિપાદ રામાયણ' મળે છે. આ બંનેના મૂળ છ જ કાંડ છે. તમિળમાં 'ઉત્તરાકાંડ' પાછળથી ઉમેરાયો છે. મલયાલમમાં 'ઈરામચરિતમ્' , 'કન્નાસ રામાયણ', તથા 'કેરાલવર્મા રામાયણ' છે. તથા કન્નડમાં 'તોરાવે રામાયણ' છે. અંગકોરવાટના પ્રસિધ્ધ મંદિર પર સમગ્ર લોકલીલાનું નિરૂપણ કરતા

શિલ્પચિત્રો છે. ત્યાંનું ૮૦ સર્ગો ધરાવતું 'રામકેર્તિ' નામનું મહાકાવ્ય રામાયણ કથા પર આધારિત છે. થાઈલેન્ડમાં પણ 'રામકિયેન' કે રામકીર્તન નામ ઘણું જાણીતું છે. આમ રામ કથાની માત્ર સંસ્કૃત સાહિત્ય ઉપર જ નહી પરંતુ સમગ્ર એશીયા ખંડમાં પ્રચલિત અન્ય સાહિત્યો ઉપર પણ ઘેરી અસરો હતી અને છે. તેમ સ્પષ્ટપણે કહી શકાય.

આદિવાસીઓમાં પણ કેટલાક રૂપાંતરોવાળી રામકથા પ્રચલિત છે. ઉત્તરભારતની તમામ ભાષાઓમાં રામાયણના રૂપાંતરણો મળે છે. ભાલણના 'રામવિવાહ' અને 'રામબાણચરિત', મંત્રણાકર્મણનું 'સીતાહરણ' લાવણ્યસમયનું 'રાવણ મંદોદરી સંવાદ' પ્રેમાનંદનું પ્રસિધ્ધ 'રણજ્ઞ' તથા હરિદાસનું 'સીતાવિરહ'વગેરે આખ્યાનો પણ જાણીતા છે. આ સિવાય બંગાળનું 'કૃતિવાસ' રામાયણ ખૂબ જાણીતું નથી. કાશ્મીરી, ઉડીયા, મરાઠી, તથા આસામી માં પણ રામકથાના રૂપાંતરણો થયેલા છે.

રામાયણની સંસ્કૃત હસ્તપ્રતોની પરંપરામાં ત્રણ સંસ્કરણો અને ઘણા બધા પ્રક્ષેપણો થયેલા છે. એજ લોકપ્રિયતાએ રામાયણને શ્રેષ્ઠ ઉપજીવ્યગ્રંથ તરીકેની પ્રતિષ્ઠા અપાવી છે. રામાયણે લગભગ અમર કહી શકાય તેવી લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે. રામાયણમાં જ કહ્યું છે –

यावत्स्थास्यन्ति गिरयः सरितश्च महीतले ।

तावद् रामायणकथा लोकेषु प्रचरिष्यति ।।

હજારો વર્ષોથી રામાયણ, ભારતીય પ્રજાના મન-મસ્તક અને વ્યવહારને લોહચૂંબકની માફક પ્રભાવિત કરે છે. આદિકવિ વાલ્મિકીએ પોતાની આત્મશક્તિ વડે, અંતઃપ્રેરણાથી પોતાના સુખ-દુઃખ, પોતાની કલ્પના , પોતાના જીવનની અનુભૂતિ વગેરે દ્વારા માનવજાતિનાં ચિરંતન હૃદયવેગો જીવનની માર્મિકતા વગેરેને હૃદયંગમ શૈલીમાં જનસમાજ સમક્ષ રજૂ કર્યા છે.

રામાયણની રમણીયતા ચારિત્રિક આદર્શવાદની આકર્ષક પૃષ્ઠભૂમિમાં સન્નિહિત છે. રામાયણ દેવકાવ્ય જ નહિં પરંતુ, નરકાવ્ય પણ છે. રામના નરરૂપના સંદર્ભમાં વાલ્મીકિ માટે નારદની ઉક્તિ છે.

बहवो दुर्लभाश्चैव ये त्वया कीर्तिता गुणाः ।

मुनेः वक्स्याम्यहं बुद्ध्वा तैर्युक्तः श्रूयतां नरः ।।

રામાયણ આપણા જીવનમાં એટલું બધુ નિકટ જોડાઈ ગયેલું છે કે આપણે તેમાં એક જીવનદર્શનની અનુભૂતિ કરવા લાગ્યાં છીએ. આ જ તેની રમણીયતાનું રહસ્ય છે. વાસ્તવિકતા એ છે કે વાલ્મીકિ રામાયણમાં દેવતાનું મનુષ્યરૂપે અવતરણ થયું નથી, પરંતુ, મનુષ્ય જ પોતાના ઉદાત્ત ગુણોની ચરિત્ર-સરણિનું આલંબન લઈને દેવતા બની ગયો છે. આ આશ્ચર્યજનક સત્યમાં રમણીયતા છુપાયેલી છે. તેના પ્રભાવરૂપે જ આપણે રામના જીવનમાં પોતાના જીવનનું પ્રતિબિમ્બ જોઈએ છીએ.

रामायणं महाकाव्यादौ वाल्मीकिना कृतम् ।

तन्मूलं सर्वकाव्यानामितिहासपुराणयोः ॥

(બૃહદ્ધર્મપુરાણ – પૂર્વભાગ – ૨૫-૨૮)

રામાયણનું કથાનક અત્યંત સરળ અને હૃદયસ્પર્શી છે. શૈલી થોડીક અલંકૃત છતાં અત્યંત પ્રવાહી અને સુગમ છે. તેનાં પાત્રો આદર્શ ભાવનાઓવાળાં છતાં માનવસહજ લાગણીઓવાળાં અને આકર્ષક છે. તેનું સ્વરૂપ મહાકાવ્યનું છે તો સાથે જ વિસ્તૃત આખ્યાનકાવ્ય અથવા વીરચરિતકાવ્યનું પણ છે. રામાયણ એકી સાથે શિષ્ટ સાહિત્ય તેમજ લોકભોગ્ય સાહિત્ય એમ બંને પ્રકારનાં લક્ષણો ધરાવે છે. તેથી જ તે સમાજના શિષ્ટ વર્ગોમાં તેમજ સામાન્ય જનસમાજમાં સમાન રીતે અદ્‌ભૂત લોકપ્રિયતા અને આદર પામ્યું છે. તેની લોકપ્રિયતાને લીધે જ આપણા સમગ્ર દેશમાં તેનો ખૂણે-ખૂણે પ્રચાર થયો છે.

રામાયણની લોકપ્રિયતા સમાજમાં એટલી બધી જોવા મળે છે કે તેને લીધે રામલીલા અસ્તિત્વમાં આવી છે. એટલું જ નહિ બીજા દેશોમાં (ભારતની દક્ષિણઅપશ્ચિમે આવેલા જાવા-સુમાર્તા-વોર્નિયા) પણ રામાયણની કથાનો અને તેને આધારે ઉદ્‌ભવેલા લોકનાટ્યસ્વરૂપોનો પ્રચાર થયો છે.

રામાયણની રમણીયતા ગૃહસ્થ જીવનની વિષમયતાઓ અને સંઘર્ષને પાછળ ધકેલી દે છે. પારિવારિક જીવનના ઉચ્ચ આદર્શો કયા ગૃહસ્થના મનને નથી હરી લેતા ? આદર્શ પરિવાર, આદર્શ સમાજ અને આદર્શ રાષ્ટ્રની અપેક્ષા એ રામાયણનો શાશ્વત સિધ્ધાંત છે. માનવીય જીવનધારાની ઉદાત્તતા, સામાજિક હિતની કામના રામાયણમાં સમાયેલી છે.

વાલ્મીકિ રામાયણ ભારતીય સંસ્કૃતિના અને સભ્યતાના ચિરંતન આદર્શ ગ્રંથની સાથે સાથે નૈતિક આદર્શોનો સંગ્રહગ્રંથ ઉપરાંત ‘સમાજશાસ્ત્ર’ પણ કહી શકાય. આ ગ્રંથ ભારત વર્ષનો ઉત્કૃષ્ટ, ધાર્મિક, નૈતિક, ઐતિહાસિક, સામાજિક અને સાંસ્કૃતિક ગ્રંથરત્ન છે. તેમાં વર્ણવાયેલાં ધર્મ, નીતિ, મર્યાદાઓ, આદર્શ, સદાચાર, આચાર, વ્યવહાર બધું જ માનવતાની પરાકાષ્ઠાને ધોતિત કરે છે. ભારતીય સંસ્કૃતિનાં ઉજ્જવલરૂપ આ ગ્રંથમાં જેટલું ઉપલબ્ધ થાય છે તેટલું અન્યત્ર દુર્લભ છે.

સદીઓથી રામાયણે ભારતીય પ્રજાના હૃદયમાં સ્થિર સ્થાન પ્રાપ્ત કર્યું છે. ધર્મનિષ્ઠ રાજા અને એક પત્નીવ્રતી ઉત્તમ પુરુષના આદર્શ તરીકે રામ આજેય પૂજાય છે. સીતા અખંડ પત્નીધર્મનો આદર્શ પૂરો પાડે છે. લક્ષ્મણ ભાતૃસ્નેહનો આદર્શ છે તો હનુમાન સેવકનો આદર્શ છે. સમગ્ર રામાયણ સ્નેહનિષ્ઠ કુટુંબજીવનની ભાવનાનો આદર્શ આપે છે. આ આદર્શે ભારતની સંસ્કૃતિ અને તેનું માનસ ઘડવામાં પણ અસર કરી છે.

ભારતદેશની પ્રજા ઉપર આટલા લાંબા સમયથી ઉંડો પ્રભાવ રામાયણ સિવાય અન્ય કોઈ ગ્રંથનો પડ્યો નથી. રામાયણ કાવ્યના એક શ્લોકમાં એની અચળ કીર્તિનું ભવિષ્ય એવું ભાખવામાં આવ્યું છે કે -

''જ્યાં સુધી પૃથ્વી ઉપર પર્વતોની હારમાળા ઉભી રહેશે અને નદીઓનો પ્રવાહ વહ્યા કરશે ત્યાં સુધી આ રામાયણનો ગ્રંથ માનવીઓની જીભ ઉપર સચવાઈ રહેશે. ''

મર્યાદાપુરુષોત્તમ શ્રીરામના ચરિત્રોનો આદર્શ તો લોકસમાજમાં સ્થિર પ્રતિષ્ઠા પામી વહેતો રહ્યો છે. ભારતીય સંસ્કૃતિરૂપી હિમાલયમાંથી નીકળેલી રામકથારૂપી મંદાકિનીએ અસંખ્ય વિદ્વતજનોને સાંત્વના અને પ્રેરણા આપી તેમને પવિત્ર બનાવવાનું અને હિંમત આપી પ્રગતિ સાધવાનું મહત્વનું કાર્ય કર્યું છે.

ભારતીય જનજીવનના એકેએક ક્ષેત્રમાં મહાભારતનો પ્રભાવ કેવો વ્યાપી વળ્યો છે તે અંગેનું ડો. દાંડેકરનું વિધાન અસરકારક છે. તેઓ કહે છે કે ભારતના પુરુષો અને સ્ત્રીઓ દેશના એક છેડાથી બીજા છેડા સુધીના તરૂણ, અને વૃધ્ધ, ધનવાન કે ગરીબ, ઉંચ કે નીચ, સામાન્ય કે ભદ્ર હજુ આજેય આ મહાકાવ્યમાંથી આનંદ, પ્રેરણા અને માર્ગદર્શન મેળવે છે.

ભારતની વૃધ્ધ દાદી પોતાનાં પૌત્ર-પૌત્રીઓને સાંજે જે વાર્તાઓ કહે છે, તે પણ આ મહાકાવ્ય-રામાયણની હશે. ભારતની શાળાઓમાં કુમાર-કુમારીઓને નીતિપાઠ શીખવાડાય છે તેનાં ઉદાહરણ પણ આ ગ્રંથમાંનાં જ હોય છે. તે બાબત રામાયણની પ્રસિધ્ધિ દર્શાવે છે.

ભારતનો એક અભણ ગ્રામજન કે કોઈ અનુભવી રાજપુરૂષ પણ માઠા દિવસોમાં આ ગ્રંથના પાત્રોમાંથી આશાનો સંદેશો મેળવે છે. આમ, રામાયણનો સાહિત્ય ક્ષેત્રે અનેરો પ્રભાવ જોવા મળે છે.

**સંદર્ભગ્રંથ સૂચિ :**

*१). रघुवंश: -कान्तादास ग्रंथावलि, सं.रेवाप्रसाद द्विवेदी, बनारस हिन्दु युनिवर्सिटी, वाराण्सी-१९७६*

*२). रामायण - वाल्मीकि, गीताप्रेस गोरखपुर.*

*३). जानकीजीवनम् – डॉ. अभिराजराजेन्द्र मिश्र, वैजयन्त प्रकाशन, ईलाहाबाद.*

*४). बालकाण्डम् (सर्ग १ थी १०) , डॉ. जगदीश जोषी, डॉ. सुरेखाबेन पटेल, पार्श्व पब्लीकेशन, अमदावाद*